**માહિતી(મેળવવાના) અધિકાર અધિનિયમ– ૨૦૦૫ અન્વયે ગૃહ વિભાગમાં એપેલેટ ઓથોરીટીની નિમણૂંક કરવા બાબત.**

ગુજરાત સરકાર,
હુકમ ક્રમાંકઃઆરટીઆઈ/૧૦૨૦૦૫/૧૯૫૫(પા.ફા.)/પી
ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ **૨૧/૭/૨૦૧૨.**

વંચાણે લીધોઃ– ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૫/૪/૨૦૧૨ નો હુકમ.

**હુકમ**

ગૃહ વિભાગના તા.૨૫/૪/૨૦૧૨ ના સરખા ક્રમાંકના હુકમથી ગૃહ વિભાગમાં નાયબ સચિવશ્રી(બજેટ, સંકલન)ની જગ્યા તા.૧/૬/૨૦૧૧ થી તથા નાયબ સચિવશ્રી(મહેકમ)ની જગ્યા તા.૧/૨/૨૦૧૨ થી ખાલી રહેલ જગ્યાઓ જયાં સુધી ભરાય નહિ ત્યાં સુધી વિભાગની બજેટ,સંકલન, જ,લ,ક,મ અને ટ શાખાને સબંધિત વિષયોને લગતી માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળની અપીલો સાંભળવા માટે વિભાગના સચિવશ્રી(ગૃહ)ની એપેલેટ ઓથોરીટી તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી.

૨. સામાન્ય વહીવટ વિભાગની તા.૩૦/૬/૨૦૧૨ ની અધિસૂચનાથી ઉકત બન્ને જગ્યાઓ ભરવામાં આવેલ છે. જે અંતર્ગત નાયબ સચિવશ્રી(મહેકમ) તા.૨/૭/૨૦૧૨ થી અને નાયબ સચિવશ્રી(બજેટ,સંકલન) તા.૩/૭/૨૦૧૨ થી વિભાગમાં હાજર થયેલ છે. જેથી ઉકત બંન્ને અધિકારીઓની માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળની અપીલો સાંભળવા માટે નીચે પ્રમાણે એપેલેટ ઓથોરીટી તરીકે નિમણૂંક કરવામાં આવે છે.

(૧) **નાયબ સચિવશ્રી(મહેકમ)** હસ્તકની ક, મ, અને ટ–શાખાઓની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અપીલો સાંભળવા માટે શ્રી ડી.આર. પટેલ, નાયબ સચિવશ્રી(મહેકમ)એ સાંભળવાની રહેશે. નાયબ સચિવશ્રી(મહેકમ)ના નામ–સરનામા તથા ફોન નંબરની વિગતો નીચે મુજબ છે.

**શ્રી ડી.આર. પટેલ, નાયબ સચિવશ્રી(મહેકમ)**
**બ્લોક નં.૨, પહેલો માળ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
**ફોન નં. ૨૩૨૫૦૫૨૩**

(૨) **નાયબ સચિવશ્રી(બજેટ–સંકલન)** હસ્તકની બજેટ, સંકલન, જ, અને લ–શાખાઓની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અપીલો સાંભળવા માટે શ્રી ડી.જી. સોની, નાયબ સચિવશ્રી(બજેટ–સંકલન)એ સાંભળવાની રહેશે. નાયબ સચિવશ્રી(બજેટ–સંકલન)ના નામ– સરનામા તથા ફોન નંબરની વિગતો નીચે મુજબ છે.

**શ્રી ડી.જી. સોની, નાયબ સચિવશ્રી(બજેટ–સંકલન)**
**બ્લોક નં.૨, બીજો માળ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
**ફોન નં. ૨૩૨૫૦૫૨૭**

...૨...

૩. આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં આવશે. તા.૨૫/૪/૨૦૧૨ ના હુકમની અન્ય વિગતો યથાવત રહેશે.

૪. આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ની તા.૧૭/૭/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી. રાઠવા)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

નકલ રવાના:
- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, બ્યુરો ભવન, સેકટર-૧૮, ગાંધીનગર(પત્ર ધ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(વસુતાપ્ર), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.- પ્રસ્તુત બાબત સચિવશ્રી(ગૃહ)ના ધ્યાને મુકવાની વિનંતી સહ.
- શ્રી ડી.આર. પટેલ, નાયબ સચિવશ્રી(મહેકમ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી ડી.જી. સોની, નાયબ સચિવશ્રી(બજેટ-સંકલન), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સંયુકત સચિવશ્રી/ સર્વે નાયબ સચિવશ્રીઓ/ સર્વે ઉપસચિવશ્રીઓ.
- ઉપસચિવશ્રી(મહેકમ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર- તેઓશ્રીની તા.૧૬/૪/૧૨ ની નોંધ અન્વયે જાણસારુ.
- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાશ્રીઓ/ નિયમ, અમદાવાદ/ ગાંધીનગર.
- સેકશન અધિકારી(આર.ટી.આઈ.સેલ), સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,
- વિભાગની સર્વે શાખાઓ,
- સેકશન અધિકારીશ્રી(આઈટી), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર- વેબસાઈટ પર મુકવા સારું.
- કાર્યાલય આદેશ ફાઈલ.
- સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.